**મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં એડી.ચીફ જ્યુડી.મેજી.શ્રીની કોર્ટમાં, મુ.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૭૮૪/૨૦૨૨**

**આંક–૧૩**

**ફરિયાદી** :– સરકારી શ્રમ અધિકારી અને લઘુત્તમ વેતન અધિનિયમ ઈન્સ્પેક્ટર,
નાયબ શ્રમ આયુકતની કચેરી, બીજો માળ,
શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.

**વિરૂધ્ધ**

**આરોપીઓ** :– **૧. ક્રિસ્ટલવોશ ગ્લોબલ એલએલપી,**
**ઠે :– ૬૧૦, ૬ઠ્ઠો માળ, વિનસ એટલાન્ટીસ,**
**ગ્વાલીયા રેસ્ટોરાં ઉપર, પ્રહલાદ નગર, અમદાવાદ.**
**૨. કપીલ એસ. પોપટ–ભાગીદારશ્રી,**
**૩. કૃણાલ એસ. પોપટ–ભાગીદારશ્રી,**
૮/૦. એ–૪૦૧, ગાલા મારવેલા, સફર પરીસર રોડ,
સાઉથ બોપલ, અમદાવાદ.

**ગુન્હોઃ– લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮નાં કલમ–૨૨(એ) મુજબશિક્ષા પાત્ર ગુનો કરવા બાબત.**

ફરીયાદી તરફે : .......
આરોપી તરફે : વિ. વ. શ્રી એમ. એમ. થાપર.

**––:: હુ ક મ ::–**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના લઘુતમ વેતન અધિનીયમ એકટની કલમ–૧૮ નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામનાં ફરિયાદીએ આરોપી સંસ્થાની મુલાકાત લેતાં, આરોપીએ **લઘુતમ વેતન અધિનિયમ–૧૯૬૧ નાં નિયમ–૨૬(૨), ૨૬(ડી), ૨૧ (૪), તથા ૨૧(૧)(એ) નાં ભંગ બદલ** લઘુતમ વેતન અધિનિયમ કલમ–૨૨(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) ઉપરોકત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સંબંધિત અત્રેની કોર્ટ સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતાં સંબંધિત કોર્ટ ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલત ધ્વારા આ કામનાં આરોપીને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી આરોપીનાં ઓથોરાઈઝડ પરસન જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી

શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદારનાં ઓથોરાઈઝડ પરસને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતાં હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમતદાર વતી તેમનાં ઓથોરાઈઝડ પરસનની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીનાં ઓથોરાઈઝડ પરસન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની તેમનાં ઓથોરાઈઝડ પરસન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કટુંબની જવાબદારી હોય અને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુકમ ::--**

૧) સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે **લઘુતમ વેતન અધિનિયમ-૧૯૬૧ નાં નિયમ-૨૬(૨), ૨૬(ડી), ૨૧(૪), તથા ૨૧(૧)(એ) નાં ભંગ બદલ** લઘુતમ વેતનની **કલમ-૨૨(એ)** હેઠળ તકસીરવાન ઠરાવીને દરેક આરોપીને દરેક નિયમ ભંગ બદલ રૂ.૨,૦૦૦/- લેખે **રૂ.૮,૦૦૦/-** એ રીતે **ત્રણ આરોપીના કુલ રૂ.૨૪,૦૦૦/-(અંકે રૂપિયા ચોવીસ હજાર પુરા)** નો દંડ ભરવાનો અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી વતી ઓથોરીટીને આધારે હાજર રહેનાર વ્યકિત પરસન દંડની રકમ ભરવાનો કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ જરૂરી નિયમોની ક્ષતિની પુર્તતા કરી દિન-૩૦ માં સંબંધિત કચેરીને જાણ કરવી.

૪) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૨૨/૦૬/૨૦૨૪ નાં રોજ અત્રેની કોર્ટમાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૨૨/૦૬/૨૦૨૪.
સ્થળ : અમદાવાદ.

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

HMPRAJAPATI.PA.